RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૯૬ તા.૩૧–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મુન્સી સીરાજ મુસાભાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુન્સી સીરાજ મુસાભાઈની તા. ૦૩–૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) આરોગ્ય ખાતા દ્રારા ગેરકાયદેસર સ્પ્રે કલરના કારખાના વિરૂધ્ધ દાખલ કરેલ ડેઈલી દંડની ફરીયાદમાં દંડ ભરવાની ટાઈમ લીમીટ કયા સુધીની હોય છે અને દંડ ભરીને કારખાના ચલાવવા દેવાની કાયદામાં /કોર્ટમાં જોગવાઈ છે વિગતથી હા કે ના માં લેખિત જવાબ આપવા વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૧–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૯૬/૨૦૧૧–૧૨

શ્રી મુન્સી સીરાજ મુસાભાઈની તા. ૦૩–૧–૧૨ની અરજીથી મુદ્દા નં.(૧) આરોગ્ય ખાતા દ્રારા ગેરકાયદેસર સ્પ્રે કલરના કારખાના વિરૂધ્ધ દાખલ કરેલ ડેઈલી દંડની ફરીયાદમાં દંડ ભરવાની ટાઈમ લીમીટ કયા સુધીની હોય છે અને દંડ ભરીને કારખાના ચલાવવા દેવાની કાયદામાં /કોર્ટમાં જોગવાઈ છે વિગતથી હા કે ના માં લેખિત જવાબ આપવા વિ.મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/ આ.૧૯૮૮ તા. ૧૨–૧–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૧–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ માહિતીના મુદ્દા નં.૩ કયા નિયમો અને કાયદા મુજબ કારખાનું ચલાવી શકાય તેની વૈધાનિક જોગવાઈ બી.પી.એમ.સી એકટ સંદર્ભે પણ મોકલવા સાથે** વધુમાં મુદ્દા નં.૩ અંગે સ્પર્શતો ન હોય તો અન્ય સત્તા મંડળને તબદીલ કરેલ છે કે કેમ ? તે પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૯૦ તા.૬–૨–૧૨ થી ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત રજૂ કરેલ ન હોય તે રજૂ કરવા તથા નારાજગીની વિગત આધાર સહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૩૯૫ તા.૧૭–૨–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૯૮૮ તા.૧૨–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૦–૨–૧૨ નો પૂરક પત્ર મળેલ છે.

અરજદારની તા. ૩–૧–૧૨ ની અરજીથી અરજદારે ઉપરોકત વિષયમાં દર્શાવેલ નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૩ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૯૮૮ તા.૧૨–૧–૧૨ થી સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે. (૧) આરોગ્ય ખાતા ધ્વારા ગેરકાયદેસર કલરના કારખાના વિરૂધ્ધ દાખલ કરેલ ડેઈલી દંડની ફીરયાદમાં દંડ ભરવાની ટાઈમ લીમીટ કયાં સુધીની હોય છે અને દંડ ભરીને કારખાના ચાલવા દેવાની કાયદામાં જોગવાઈ છે? વિગતની હા કે ના માં લેખિતમાં આપવો. (૨) કયાં સુધી દંડ કરવાની જોગવાઈ છે તેની સંપૂર્ણ વિગતવાર માહિતી દંડ ભર્યાની લીમીટ પૂરી થયા પછી કઈ કાર્યવાહી કરવાની જોગવાઈ છે તેની વિગતવાર માહિતી. તેવા પ્ર નં.૧ અને ૨ બાબતે સ્પ્રે કલરના કારખાના ધ્વારા ન્યુસન્સ થતું હોય તો તેવા સંજોગોમાં ધી બીપીએમસી એકટ–૧૯૪૯ ના શીડયુલ ચેપ્ટર –૧૪ ના રૂલ–૧૪ અન્વયે તેમજ આજ કાયદાના શિડયુલ ચેપ્ટર–૧૯ ના રૂલ–૧ માં જણાવેલ દંડની જોગવાઈ છે તે મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. સદર કાયદાની જોગવાઈની નકલના પાના નંગ–૬ ના રૂા.૧૨/– થાય છે તે ભરપાઈ કર્યેથી નકલ આપવામાં આવશે. (૩) કાયદાકીય રીતે સ્પ્રે કલરના કારખાનાને કયા નિયમો અને કાયદા મુજબ કારખાનુ ચલાવી શકાય તેની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ માહિતી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ. જેના અનુસંધાને અરજદારે સેન્ટ્રલઝોન આરોગ્ય વિભાગ તરફથી માંગ્યા મુજબનો જવાબ મળેલ નથી તેવું જણાવી તા.૩૧–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૩ માં પુછેલ કે કાયદાકીય રીતે સ્પ્રે કલરના કારખાના કયા કાયદા અને નિયમ મુજબ ચલાવી શકાય તેનો જવાબ આપેલ નથી મુદ્દા નં.૧ અને ૨ નો જવાબ જો રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તો મુદ્દા નં.૩ નો જવાબ મને મળવો જોઈએ જે અંગે અરજદારને પાઠવેલ પૂરક પત્રમાં પણ અરજદારને નારાજગીના આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે આધારની જગ્યાએ બે ના જવાબ સંતોષકારક મળેલ નથી અને મુદ્દા નં.૨ માં માહિતી અનુસાર કયાં

સુધી દંડ કરવાની જોગવાઈ છે તથા દંડ ભર્યાની લીમીટ પૂરી થયા પછી કઈ કાર્યવાહી કરવાની જોગવાઈ છે તેમજ મુદ્દા નં.૩ માં કાયદાકીય રીતે સ્પ્રે કલરના કારખાના કયા નિયમ અને કાયદા મુજબ ચલાવી શકાય તેનો જવાબ પણ સંતોષકારક રીતે મળેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોના જવાબમાં મુદ્દા નં.૧ અને ૨ બાબતે બીપીએમસી એકટની એકટ અને કાયદાની જોગવાઈ બાબતે પાના નં.૩૦૯, ૩૧૩,૩૩૦,થી ૩૩૩, કુલ ૧૨ પાનાની ઝેરોક્ષ અરજદારને આપવામાં આવેલ છે જયારે મુદ્દા નં.૩ સ્પર્શતો ન હોવાનું જણાવેલ છે. જેમાં અરજદારે ગેરકાયદેસર સ્પ્રે કલરના કારખાના કયા નિયમ હેઠળ કામ કરે છે તેની માહિતીનો જવાબ મને મળેલ નથી. તેથી અપીલ કરવાની જરૂર ઉભી થયેલ છે. તેવું જણાવેલ છે જે અંગે અરજદારે અપીલ સંદર્ભે પૂરક વિગતોમાં મુદ્દા નં૧ અને ૨ બાબતે દફતરી માહિતી જાહેર માહિતી અધિકારીએ આપ્યાનું જણાય છે. મુળ અરજીથી માંગેલ વિગત મળેલ હોવા છતાં નારાજગીનો આધારસહ પક્ષ રજૂ કરવા જણાવેલ. જે અંગે અરજદારે તેમની તા. ૧૦–૨–૧૨ ના પૂરક પત્રમાં અનુક્રમ નં.૩ માં દર્શાવેલ બાબતે જવાબમાં મને માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી જે મુદ્દા ન.૧ અને ૨ની માહિતી ઉપલબ્ધ હોય તો મુદ્દા નં.૩ નો જવાબ મળવો જોઈએ તેવી રજૂઆત કરેલ છે.

અરજદારે " ગેરકાયદે સ્પ્રે કલરના કારખાના કયા નિયમ હેઠળ કામ કરે છે એની વ્યાપક સ્વરૂપની માહિતી માંગેલ છે જેને સુનિશ્ચિત કરવા કારખાના અધિનિયમ–૧૯૪૮, મુંબઈ ઔદ્યોગિક સંબંધનો કાયદો , ઔદ્યોગિક તકરાર અધિનિયમ , પર્યાવરણ સરંક્ષણ ધારો –૧૯૮૬ પૈકીના વિવિધ કાયદાનો સંદર્ભ બાબત હેઠળના કારખાના આ પૈકીના કોઈ કાયદાના નિયંત્રણ હેઠળ આવે છે કે કેમ? તે નિર્ધારિત કર્યા બાદ તારણ પર આવી શકાય. અત્રે એ પણ સૂચક છે કે આ વિવિધ કાયદા હેઠળના સત્તા મંડળો પણ અલગ હોઈ શકે. જરૂરી નથી કે સુરત મહાનગરપાલિકા બીપીએમસી એકટ સિવાયના કાયદા હેઠળ નિયંત્રણ કરતું હોય. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે આ અંગે તેઓ તરફથી પૂરક વિગતોમાં અન્ય સત્તા મંડળને તબદીલ થયાની કોઈ વિગત રજૂ કરેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૩૧–૧–૧૨ ધ્યાને લેતાં ૨૯–૦૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૫–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩–૧–૧૨ ની અરજી માંગવામાં આવેલ માહિતી પૈકી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ પાના નંગ–૧૨ નો કાયદાકીય જોગવાઈઓની વિગતો પૂરી પાડેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી અત્રેથી કરવાની રહેતી નથી તેમ છતાં જાહેર માહિતી અધિકારીએ અરજી અન્ય કાયદા –નિયંત્રણ અંગે લાગત જાહેર સત્તા મંડળને તબદીલ કરેલ ન હોઈ હુકમ મળ્યેથી દિન–૫ માં કલમ–૬(૩) ની જોગવાઈ હેઠળ તબદીલ કરી તેની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મુન્સી સીરાજ મુસાભાઈ,